# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત


જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*


જા.નં./મા-૨/૨૦૨૫/ ૭૪૫ - ૭૪૭ તા.૨૩/૦૧/૨૦૨૫

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ.મા.શાળાઓ તમામ.
(સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ અને ખાનગી)
સુરત, જિલ્લો-સુરત

વિષય:- શાળાના બાળકોને માનસિક કનડગત કે માનસિક ત્રાસ ન કરવા/થવા બાબત

સંદર્ભ:- (૧) "ધિ રાઈટ ઑફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એએક્ટ-૨૦૦૯" કલમ-૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: GH/SH/૬ NO: પીઆરઈ/૧૨૦૧૦/૫/ક તા.૧/૪/૨૦૧૦

(૩) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૨૦૧૧-૧૪૯- ક, સચિવાલય, ગાંધીનગર, તા૧૮/૦૨/૨૦૧૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બાળકના સવાર્ગી વિકાસનું કાર્ય શાળાઓ દ્વારા થતુ હોય છે આવા ઉમદા કાર્યના ભાગીદાર થવું તે દરેક શાળાનો ધ્યેય હોવો હોઈએ. શિક્ષક દ્વારા બાળકને સૌમ્યભરા વાતાવરણમાં શિક્ષણ કાર્ય થાય તે ખુબજ જરૂરી છે. કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરીક્ષામાં ન બેસાડવા, હોલ ટીકીટ ન આપવા, રિજલ્ટ ન આપવા જેવી ફરિયાદ થતી હોય છે. તથા શાળા દ્વારા ફી ભરવા બાબતે વિદ્યાર્થી સાથે વારંવાર મોખિક રજૂઆત કરવામાં આવે છે. જેથી બાળકના કુમળા માનસ પર વિપરીત અસર થાય છે. જેથી તમામ શાળાઓને ફી બાકી અંગે વાલીને જ રજુઆત કરવાની રહેશે, તેમજ વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરીક્ષામાં બેસાડવા, હોલ ટીકીટ આપવા, રિજલ્ટ આપવા જણાવવામાં આવે છે.

બાળકો માટે શાળા અને શિક્ષક એક આદર્શ હોય છે અને તેઓ દ્વારા આવા અઘટિત કાર્ય કરવામાં આવે તો બાળકોના માનસપટલ પર વિપરીત અસર કરે છે. જો કોઈ પણ સંસ્થા દ્વારા સદર જોગવાઈનુ ઉલ્લંઘન થતું માલુમ પડશે અથવા તે અંગે કોઈ રજૂઆત કે ફરિયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી સંસ્થા સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેથી આપની શાળાના તમામ શિક્ષકોને ઉક્ત સૂચનાથી વાકેફ કરવા અને ઉમદા શિક્ષણકાર્યમાં જોડવા સૂચિત કરવામાં આવે છે. આપની શાળાનાં આવી કોઈ ઘટના ન ઘટે તે માટે તમામ શિક્ષકોને સૂચિત કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

<u>નકલ-રવાના અમલ કરવા સારું:-</u>

(૧) શિક્ષણનિરીક્ષકશ્રી તમામ સદર કચેરી
(૨) મદદનિશ શિક્ષણનિરીક્ષકશ્રી તમામ સદર કચેરી